

# શીઅર દુપટ્ટાને અનોખી રીતે સ્ટાઈલ કરો



**શીઅર-નેટ દુપટ્ટા લાઇટ અને બહુમુખી હોય છે અને દરેક વસ્તુને જાદુઇ બનાવી દે છે. એ સાધારણમાં સાધારણ આઉટફિટને પણ આકર્ષક બનાવી શકે છે. શીઅર-પારદર્શક દુપટ્ટો સૌથી સરળ સ્ટાઇલ સ્ટેટમેન્ટ આઉટફિટ્સમાંથી એક છે છતાં તે તમારા લુકને સહજ અને એલિગન્ટ બનાવી શકે છે અને આઉટફિટને નિખારી શકે છે પરંતુ તમે દુપટ્ટો કઇ રીતે નાખો છો એ પણ મહત્ત્વનું છે. દુપટ્ટાની સ્ટાઇલ તમારા આખા લુકને બદલી શકે છે. આવો જોઇએ લગ્નની મોસમમાં શીઅર દુપટ્ટા ડ્રેપ કરવાની કેટલીક સ્ટાઇલ....**

## કેપ ડ્રેપ

જો તમે વધારે મહેનત કર્યા વિના લુકને નિખારવા ઇચ્છતાં હો તો કેપ સ્ટાઈલ ડ્રેપ તમારા માટે સારો વિકલ્પ છે. એ ટ્રેડિશનલ અને વેસ્ટર્ન વેર સાથે સારી રીતે મેળ ખાય છે. એ આઉટફિટને ગરિમા અને લાવણ્ય આપશે. ખભા પર દુપટ્ટો નાખી એને પીઠ અને હાથ પર ખુલ્લો છોડી દો. સલામતી માટે એક ખભા પર બ્રોચ કે પિન સાથે જોડી શકો. લહેંગા અને ફિટેડ કુરતા સાથે એ પહેરી શકાય. લગ્ન, પાર્ટી અથવા કોઇ પણ તહેવારોમાં એથનિક લુક માટે આ પર્ફેક્ટ સ્ટાઈલ છે.

## રેપ ડ્રેપ

દુપટ્ટો એક નવો ટ્રેન્ડ છે અને આ એક સ્ટાઈલિશ અને આકર્ષક લુક છે જે માત્ર ટ્રેડિશનલ જ નહિ પરંતુ વેસ્ટર્ન વેર અથવા ડ્રેસિસ સાથે પણ લેયર કરી શકાય છે. આ લુક માટે દુપટ્ટાને ગરદનની આસપાસ એક ઢીલા વળાંકમાં વાળો અને ખભા પરથી આગળની બાજુ નીચે આવવા દો. ડ્રેપને લુઝ અને આરામદાયક રીતે એડજસ્ટ કરો. આ દુપટ્ટા સ્ટાઈલ આરામ અને સ્ટાઈલનું મિશ્રણ છે જે દરેક અવસર અને કેઝ્યુઅલ મીટિંગ માટે આદર્શ છે. આ લુક તમારા લુકને સ્ટાઈલિશ અને સંતુલિત આકર્ષણ આપે છે.



## જેકેટ ડ્રેપ

જેકેટ ડ્રેપ આઉટફિટને લેયરિંગ કરવા માટે એકદમ પર્ફેક્ટ છે. આ સ્ટાઈલ મેળવવા માટે દુપટ્ટાને ખભા પર નાખી એને જેકટ કે શ્રગની જેમ બંને બાજુ એક સરખી રીતે પડવા દો અને તમારી પસંદ મુજબ એડજસ્ટ કરો. તમે વધુ સલામતી માટે એને બેલ્ટ સાથે પહેરી શકો અથવા ખભા પર પિન કરી શકો. આ એક મોડર્ન અને સ્ટાઇલિશ લુક આપે છે. આ લુક જે યુવતીઓ ટ્રેડિશનલ લુકમાં કંઇક ટ્વિસ્ટ લાવવા ઇચ્છતાં હોય એમને માટે યોગ્ય છે.

## વેઇલ ડ્રેપ

વેઈલ-ઘૂંઘટ દુપટ્ટો સ્ટાઈલ કરવાની એક સદાબહાર અને ખૂબસૂરત રીતોમાંથી એક છે. આ લુક માટે દુપટ્ટાને માથા પર ઘૂંઘટની જેમ વિંટાળો એને ખભા પરથી પીઠ તરફ ધીમેથી જવા દો. સોફટ અને ફ્લોઈંગ ઈફેક્ટ માટે ચહેરાના શેપ મુજબ એડજસ્ટ કરો. લગ્ન માટે આ પર્ફેક્ટ સ્ટાઈલ છે. તમે એને એક મુલાયમ અહેસાસ માટે લુઝ રાખી શકો અથવા સ્ટ્રક્ચર્ડ અને પોલિશ્ડ લુક માટે પીનનો ઉપયોગ કરી શકો.

## બેલ્ટ ડ્રેપ

બેલ્ટ ડ્રેપ તમારા આઉટફિટમાં સ્ટ્રક્ચર ઉમેરવા અને લુકને પરિભાષિત કરવા માટે એકદમ યોગ્ય છે. આ લુક માટે દુપટ્ટાને તમારા ખભા અથવા ધડની આસપાસ વિંટાળો પછી એને તમારી કમર પર એક પાતળા બેલ્ટથી બાંધી દો. એ ટ્રેડિશનલ અને મોડર્ન ફેશનના મિશ્રણના માધ્યમથી પોલિશ્ડ અને કમ્ફર્ટેબલ લુક આપે છે. આ સ્ટાઈલ કુરતા અને લહેંગા સાથે સારી લાગે છે. તમે કોઈ પ્રસંગ માટે મેટાલિક કે એમ્બેલિશ્ડ બેલ્ટ પસંદ કરી શકો. જે તમારા ફિગરને નિખારે છે અને સહેલાઈથી આકર્ષક લુક આપે છે.

